અપીલ અરજી નં.૧૨૨ તા.૧૪–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જતીનકુમાર અરૂણભાઈ ટેલર
સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જતીનકુમાર અરૂણભાઈ ટેલરની તા.૬–૫–૧૧ ની અરજીથી (૧) હું અરજદારને રહેમરાહે આશ્રિત તરીકે નોકરી,પેન્શન અને ભાગ કેમ નથી આપતા? અને/અથવા હું અરજદારને રહેમરાહે આશ્રિત તરીકે નોકરી,પેન્શન અને ભાગ કયારે મળશે? (૨) હું અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજી અને તે ૨૧–૨–૧૧ ની અરજીનો જવાબનો પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૪ તેની તારીખ ૫–૩–૧૧ બાબતે પર્સોનલ ઓફિસર , મધ્યસ્થ મહેકમ પેન્શન વિભાગે શું નિર્ણય લીધો છે.? વિ.મુદ્દા નં.૧થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૧૪–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૨૨/૨૦૧૧–૧૨

શ્રી જતીનકુમાર અરૂણભાઈ ટેલરની તા.૬–૫–૧૧ ની અરજીથી (૧) હું અરજદારને રહેમરાહે આશ્રિત તરીકે નોકરી,પેન્શન અને ભાગ કેમ નથી આપતા? અને/અથવા હું અરજદારને રહેમરાહે આશ્રિત તરીકે નોકરી,પેન્શન અને ભાગ કયારે મળશે? (૨) હું અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજી અને તે ૨૧–૨–૧૧ ની અરજીનો જવાબનો પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૪ તેની તારીખ ૫–૩–૧૧ બાબતે પર્સોનલ ઓફિસર , મધ્યસ્થ મહેકમ પેન્શન વિભાગે શું નિર્ણય લીધો છે.? વિ.મુદ્દા નં.૧થી ૨ ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી–મધ્યસ્થ મહેકમના પત્ર નં. જીએડી/ઈએસટી/૬૬૧ તા.૨૫–૫–૧૧ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૧ તા.૨૦–૬–૧૧થી ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ ફી ભર્યાની વિગત સહ તે વિગતો રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી પૈકી કઈ બાબતે નારાજગી છે. તે જણાવેલ ન હોઈ તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૫૯ તા.૨૮–૬–૧૧ ની તથા જીએડી/ઈએસટી/૧૪૧૫ તા.૨૬–૭–૧૧ ના પત્રથી મળેલ પૂરક વિગતોમાં અરજદારની પત્ર નં.જીએડી/ ઈએસટી/૬૬૧ તા. ૨૫–૫–૧૧ ની સામે કરેલ અપીલ અંગે સદર પત્રમાં સદર પત્રથી આપેલ જવાબમાં અરજદારની તા.૪–૪–૧૧ ની આઈ ડી નં.૧૦ ની અરજીને બદલે આઈ ડી નં.૧૬૦ તા.૬–૫–૧૧ ની અરજીની માહિતી જીએડી/ઈએસટી/૬૬૧ તા.૨૫–૫–૧૧ થી આપેલ. તેવું જણાવેલ છે તથા તે મુજબ અરજદારની આઈ ડી નં. ૧૬૦ તા.૬–૫–૧૧ ની મુળ અરજીની નકલ તેમજ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક ૧૯૬ તા.૯–૫–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ તથા અત્રેનો આરટીઆઈ સેલ/૧૩૭૪ તા.૫–૩–૧૧ નો પત્ર, અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજીની નકલ, અરજદારને તા.૨૧–૨–૧૧ ની અરજીની આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૫૯૦ તા.૨૦–૫–૧૧ ના પત્રની નકલ, સદર અરજી તા.૬–૫–૧૧ ની અરજી અંગે આપેલ માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૧ તા.૨૫–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારનો તા.૩૦–૬–૧૧ ના પત્રની નકલ, અરજદારનો તા.સીવીલ જયુડીશીયલ સુરતમાં દાખલ કરેલ કેસ નં.ગુ.ર./૪૨/૯૯ તા.૭–૨–૯૯ ના દાવા અરજીની નકલ, તા.૨૧–૧૨–૦૬ ની એફીડેવીટની નકલ તા.૨૮–૮–૦૮ ની એફીડેવીટની નકલ, તા.૨–૫–૦૫ નો લગ્નની વિજ્ઞપ્તિની નકલ, તા.ડીસે./જાન્યુ. ૨૦૦૯નું લાઈટબીલની નકલ, ટેના ન.૨૦એ–૦૧–૮૧૪૫–૦–૦૦૧ વાળી મિલ્કતના વોરંટની નકલ, અરજદારને તા.૧૪–૬–૧૧ ની અરજી બાબતે કાયદા ખાતા તરફથી આપેલ માહિતી અંગે પત્ર નં.આ.લો./૧૪૭ તા.૨૩–૬–૧૧ ના પત્રની નકલ તથા અરજદારને ૪–૩–૦૯ ની અરજી બાબતે પત્ર નં.જીએડી/ઈએસટી/૪૬૫૧ તા.૧૬–૩–૦૯ ના પત્રની નકલ અત્રે મળેલ છે. અરજદાર તરફથી અત્રેથી પાઠવેલ પત્ર તા.૨૦–૬–૧૧ ના પૂરક વિગત જણાવેલ છે તેની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૬–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૯૬ તા.૯–૫–૧૧ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૧ તા.૨૫–૫–૧૧ થી સમય મર્યાદામાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૬૬૧ તા.૨૫–૫–૧૧ ના રોજ નારાજ થઈ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં અરજદારે નોકરી પેન્શનમાં ભાગ આપવા અંગેની રજૂઆત કરેલ છે અને તે અંગે શું નિર્ણય લીધો તેની માહિતી માંગેલ છે. જેમાં અરજદારના મુળ અરજીના (૧) હું અરજદારને રહેમરાહે આશ્રિત તરીકે નોકરી,પેન્શન અને ભાગ કેમ નથી આપતા? અને/અથવા હું અરજદારને રહેમરાહે આશ્રિત તરીકે નોકરી,પેન્શન અને ભાગ કયારે મળશે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ અગાઉ આપશ્રીને રહેમરાહે આશ્રિત તરીકે નોકરી પેન્શન મેળવવા કરેલ જુદી જુદી અરજીઓ અંગે મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૨૫૮ તા.૨૯–૯–૧૦ તથા જીએડી/ઈએસટી/ ૩૭૧૪ તા.૧–૨–૧૧ થી ઉકત સંદર્ભેની તમામ અરજીઓ સંદર્ભમાં કરવામાં આવેલ કામગીરીની નકલો નોંધ વિભાગ, સહિત પૂરી પડાયેલ હોવાની જાણ કરવામાં આવેલ છે.તેવું જણાવેલ છે. (૨) હું અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજી અને તે ૨૧–૨–૧૧ ની અરજીનો જવાબનો પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૪ તેની તારીખ ૫–૩–૧૧ બાબતે પર્સોનલ ઓફિસર , મધ્યસ્થ મહેકમ પેન્શન વિભાગે શું નિર્ણય લીધો છે.? વિ.મુદ્દા નં.૧થી ૨ ની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીઅરજદાર તેઓની તા.૨૧–૨–૧૧ ની અરજી તથા તે સંદર્ભે જણાવેલ આરટીઆઈ સેલના પત્ર નં.૧૩૭૪ તા.૫–૩–૧૧ ના અનુસંધાનમાં મધ્યસ્થ મહેકમ કક્ષાએથી આપશ્રીને પત્ર નં.જીએડી/ ઈએસ ટી/૫૯૦ તા.૨૦–૫–૧૧ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. આમ અરજદારને તેની માહિતીના મુદ્દા જાહેર માહિતી અધિકારી તરફથી પૂરા પાડવામાં આવેલ છે. અરજદારે મુદ્દા નં.૨ માં અત્રેના પત્ર નં.૧૩૭૪ તા.૫–૩–૧૧ થી અરજદારનો તા.૨૧–૨–૧૧ નો પત્ર કાર્યવાહીને લગતો હોઈ તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૫૯૦ તા.૨૦–૫–૧૧ થી અરજદારને તે અંગે પત્ર નં. જીએડી/ઈએસટી/૨૨૫૮ તા.૨૯–૯–૧૦ નું અવલોકનમાં લેવો તેવું જણાવેલ છે. જેમાં સંદર્ભ જીએડી/ ઈએસ ટી/૨૨૫૮ તા.૨૯–૯–૧૦ થી અરજદારની આજ સુધીની તમામ અરજીઓ સંદર્ભે કરવામાં આવેલી કામગીરીની નકલો નોંધ વિભાગ સહિત પૂરી પાડવામાં આવેલ છે. જેથી આ બાબતે વિશેષ કઈ કરવાનું રહેતું નથી તેવું જણાવેલછે. જયારે મુદ્દા નં.૧ અંગે અરજદારને તેમની તા.૪–૩–૦૯ ની અરજીથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૬૬૧ તા.૧૬–૩–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજીમાં જણાવ્યા મુજબ અન્ય માહિતી મ્યુ. કોર્ટમાં અપીલ કરી શકો તેવું લેખિતમાં હજુ સુધી આપેલ નથી તેવા પ્રશ્ન બાબતે ઈ.ચા.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. આ.લો/૧૪૭ તા.૨૩–૬–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને મુળ અરજી સંદર્ભે માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અને અપીલ અરજી દફતરે કરવા જોગ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીનો ૨૬–૭–૧૧ ના રોજનો પૂરક તબકકેનો પત્ર ધ્યાને લેતાં અરજદારને તેમની તા.૬–૫–૧૧ ની અરજીના અનુસંધાને તા.૨૫–૫–૧૧ થી માહિતી–પ્રત્યુત્તર આપેલ છે. તેવી અત્રે કરેલ સ્પષ્ટતા અરજદારને કરેલ નથી તે કરવી જોઈએ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અત્રે અપીલ તબકકે કરેલ સ્પષ્ટતા મુજબ અરજદારને સૂચિત કરવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જતીનકુમાર અરૂણભાઈ ટેલર,